જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી,

અમદાવાદ શહેર (P.R.O.)

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,

૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


તા.30/0૮/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૫૪૭/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની**

**તા.૨૯/0૮/૨૦૨૨ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | 0 | ૧૪૧ | ૪૨૦ | 0 | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | 0 | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | 0 | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬ | ૪,૦૩,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૯૬ લીટર દેશી દારૂ, ૭૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૯૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ છોટા હાથી અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૮ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૪૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**સોનાની ચેઇન ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૦/૨૦૨૨**

**નરોડાઃ** જ્યોત્સનાબહેન વા/ઓફ રવિન્દ્રભાઇ પાટીલ (ઉ.વ.૫૧) (રહે. વ્રજ ગેલેક્ષી એપાર્ટમેન્ટ મુરલીધર હાઇટ્સની બાજુમાં નરોડા) તા.૨૯/૦૮/૨૦૨૨ સાંજના ૭/30 વાગ્યાના સુમારે નરોડા દહેગામ રોડ સ્થાપત્ય એલીગન્સ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સ્પ્લેન્ડર જેવા મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ જ્યોત્સનાબહેનના ગળામાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ જયોત્સનાબહેન પાટીલે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એમ.પટેલ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૧/૨૦૨૨**

**નિકોલઃ** કાળુ સ/ઓ પોપટભાઇ બરંડા (ઉ.વ.૧૪) (મુળ વતન. ગામ-કોડીયાગુણ પોસ્ટ-રામપુર મેવાડા જી-ડુંગરપુર રાજસ્થાન) ના પિતા અમદાવાદ ખાતે મજુરી કામ કરતા હોઈ રાજસ્થાન થી અમદાવાદ આવેલ હતો અને તા.૨૮/૦૮/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પિતા-પુત્ર શાકભાજી લેવા નિકળ્યા હતા ત્યારે નિકોલ કેંસ હિલની સાઇટ ખાતે કામ કરતા સંબંધીને મળવા ગયા હતા ત્યારે સાઈટના ગ્રાઉન્ડ ફ્લોર ઉપર પાણીની પાઇપ જોવા જતા પગ લપસી જતાં બેઝમેન્ટના પાર્કિંગમાં પડી જતા કાળુને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેને કાનબા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૦૮/૨૦૨૨ કલાક ૮/30 વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી જલ્પાબહેન દિપકકુમાર ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૫૨/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રાજેશ ઉદાજી ઠાકોર (ઉ.વ.૩૩) (રહે. તપોવનગર મોટેરા સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૮/૨૦૨૨ કલાક ૧૨/૦૦ વાગ્યા પહેલા અટલબ્રિજ પાસે ઘાટ નંબર-૯ વોક વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી